Signature of Invigilators

1. ...............................

2. ...............................

# LAW

## Paper III

Roll No. [ ] [ ] [ ] [ ] [ ]

(In figures as in Admit Card)

Roll No. ...............................

...............................

(In words)

# J—1602

Name of Areas/Section (if any) ............................

Time Allowed : $2\frac{1}{2}$ Hours]

[Maximum Marks : 200

**Instructions for the Candidates**

1. Write your Roll number in the space provided on the top of this page.
2. Write name of your Elective/Section if any.
3. Answer to short answer/essay type questions are to be written in the space provided below each question or after the questions in test booklet itself. No additional sheets are to be used.
4. Read instructions given inside carefully.
5. Last page is attached at the end of the test booklet for rough work.
6. If you write your name or put any special mark on any part of the test booklet which may disclose in any way your identity, you will render yourself liable to disqualification.
7. Use of any calculator is prohibited.
8. There is no negative marking.
9. You should return the test booklet to the invigilator at the end of the examination and should not carry any paper outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટેની સૂચનાઓ :**

૧. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.

૨. જો કોઈ વિકલ્પ/વિભાગ પસંદ કર્યા હોય તો તે યોગ્ય જગ્યાએ દર્શાવો.

૩. ટુંકા પ્રશ્નો/નિબંધ વિષેના જવાબો એ પ્રશ્નની નીચે અગર બાજુમાં આપેલી જગ્યામાં લખો. વધારાના કોઈ પાનાનો ઉપયોગ કરશો નહી.

૪. અંદર આપેલી સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો .

૫. બુકલેટની પાછળ આપેલું છેલ્લુ પાનું રફ કામ માટે છે.

૬. બુકલેટ કોઈપણ ઠેકાણે તમારું નામ કે કોઈ ચોકકસ સંજ્ઞા કરવી નહીં કે જે તમારી ઓળખ પૂરી પાડે. આ તમને પરીક્ષા માટે ગેરલાયક ઠેરવશે.

૭. કેલ્કયુલેટર નો ઉપયોગ કરાશે નહી.

૮. નકારાત્મક માર્કીંગ નથી.

૯. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી આ બુકલેટ જે તે નીરીક્ષકને સોંપી દેવી. કોઈપણ પેપર પરીક્ષા રૂમની બહાર લઈ જવું નહી.

**FOR OFFICE USE ONLY**
**Marks Obtained**

| Question Number | Marks Obtained | Question Number | Marks Obtained | Question Number | Marks Obtained |
|---|---|---|---|---|---|
| 1 | | | | | |
| 2 | | | | | |
| 3 | | | | | |
| 4 | | | | | |
| 5 | | | | | |
| 6 | | | | | |
| 7 | | | | | |
| 8 | | | | | |
| 9 | | | | | |
| 10 | | | | | |
| 11 | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

Total Marks Obtained...............................

Signature of the co-ordinator...................

(Evaluation)

**LAW**

**કાનૂન**

**PAPER—III**

**પ્રશ્નપત્ર–III**

**Part A**

**(વિભાગ અ)**

*Note* :— This paper consists of two parts, A and B. *All* questions are compulsory.

**નોંધ** :— આ પ્રશ્નપત્ર બે વિભાગમાં વિભાજીત છે, 'અ' અને 'બ'. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.

**Unit I**

**(યુનિટ ૧)**

*Note* :— This part has *ten* short essay type questions of **16** marks each to be answered in about **300** words each.

**નોંધ** : આ વિભાગમાં ૧૦ લઘુ નિબંધાત્મક પ્રકારના પ્રશ્નો છે, દરેકના **૧૬** ગુણ છે અને તેના ઉત્તર આશરે ૩૦૦ શબ્દોમાં લખવાના છે.

1. "The Directive Principles of State Policy shall, nevertheless, be fundamental in the governance of the country." Briefly but critically examine the attitude of the Legislature, Executive and Judiciary towards the implementation of these principles.

"રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, તેમ છતાં, દેશના રાજયવહીવટમાં મૂળભૂત હશે." આ સિદ્ધાંતોના અમલ માટે ધારાગૃહ, કારોબારી અને ન્યાયતંત્રના અભિગમને સંક્ષિપ્તમાં પણ ટીકાત્મકરીતે તપાસો.

*Or*

અથવા

"The Office of the Governor has been the subject of much controversy, with the incumbents of some Raj Bhavans in the country functioning more as agents of the ruling party at the centre than as guardians of Federal Democracy." Do you agree with this statement ? What is the true role of the Governor of a state under the Indian Constitution ?

"દેશના કેટલાક રાજભવનમાં હોદ્દો ધરાવનાર ગવર્નર સમવાયતંત્રી લોકશાહીના સંરક્ષક કરતાં કેન્દ્રમાં સત્તાધારી પક્ષના એજન્ટ તરીકે વર્તતા હોવાથી ગવર્નરનો હોદ્દો બહુ જ વિવાદાસ્પદ બનેલ છે." તમે આ વિધાન સાથે સંમત છો ? ભારતના બંધારણ હેઠળ રાજયના ગવર્નરની સાચી ભૂમિકા શું છે ?

## Unit II
## (યુનિટ ૨)

2. Discuss fully the principles of natural justice as the basis of the Administrative Law.
વહીવટી કાયદાના પાયા સ્વરૂપે "નૈસર્ગિક ન્યાય" ના સિદ્ધાંતની સવિસ્તાર ચર્ચા કરો.

***Or***

**અથવા**

Discuss in the light of decided cases how action of administrative machinery can be restrained by judicial control.
વહીવટી તંત્રનાં કાર્યો ન્યાયિક નિયંત્રણથી કેવી રીતે અંકુશમાં રાખી શકાય તેની નિર્ણીત કેસોના આધારે ચર્ચા કરો.

## Unit III
## (યુનિટ ૩)

3. "Morality is an object to be obtained and Law is a means to achieve it." Explain. Discuss also the Hart Fuller controversy over the relationship between law and morality.

"નૈતિકતા સિદ્ધ કરવા માટેનું સાધ્ય છે અને કાયદો તે સિદ્ધ કરવાનું સાધન છે." સમજાવો. કાયદો અને નૈતિકતા વચ્ચેના સંબંધોને લગતો હાર્ટ અને ફુલરનો વિવાદ પણ ચર્ચો.

*Or*

**અથવા**

Critically examine the statement that "Possession is the nine point of Law of Ownership".

"માલિકીના કાયદામાં કબજાને દસમાંથી નવ આંક આપવામાં આવે છે" આ વિધાનને ટીકાત્મક રીતે તપાસો.

## Unit IV
## (યુનિટ ૪)

4. Define 'offence' and discuss its essentials. Do you think that mens rea is an essential ingredient of every offence ? Comment.
'ગુના'ની વ્યાખ્યા આપો તેના આવશ્યક તત્વો ચર્ચો. શું તમે માનો છે કે 'ગુનાહિત માનસ' દરેક ગુનાનું આવશ્યક તત્વ છે ? ચર્ચા કરો.

*Or*

**અથવા**

Define 'common intention' and distinguish it from 'similar intention'. Discuss also the various provisions of the Indian Penal Code, 1860 dealing with joint liability.
'સામાન્ય ઈરાદા'ની વ્યાખ્યા આપો અને તેનો 'એકસરખા ઈરાદા' સાથેનો ભેદ (તફાવત) સ્પષ્ટ કરો. ભારતીય દંડ સંહિતાની સંયુક્ત જવાબદારીને લગતી વિવિધ જોગવાઈઓ પણ ચર્ચો.

## Unit V
## (યુનિટ ૫)

5. Explain the provisions relating to protection of environment in the Constitution of India. Cite leading cases in support of your answer.
બંધારણની પર્યાવરણ સુરક્ષાને લગતી જોગવાઈઓ સવિસ્તાર સમજાવો. તમારા ઉત્તરના સમર્થનમાં ચૂકાદા ટાંકો.

*Or*

**અથવા**

Write explanatory notes on :

(*a*) Global Warming and Global Warning;

(*b*) Environmental Impact Assessment.

સવિસ્તાર નોંધ લખો.

(અ) વાતાવરણમાં ઉષ્ણતામાનમાં વધારો અને વૈશ્વિક ચેતવણી.

(બ) પર્યાવરણીય અસરની ચકાસણી.

## Unit VI
## (યુનિટ ૬)

6. Examine critically the theory of consent as the binding force of International Law.
આંતરરાષ્ટ્રીય કાયદાના બંધનકર્તા બળ તરીકે સંમતિના સિદ્ધાંતની સમીક્ષા કરો.

*Or*

**અથવા**

Is International Law a true law ? Explain and examine the present status of International Law.
શું આંતરાષ્ટ્રીય કાયદો ખરા અર્થમાં કાયદો છે ? –સમજાવો અને હાલના સંદર્ભમાં તેનાં સ્વરૂપનું મૂલ્યાંકન કરો.

## Unit VII
## (યુનિટ ૭)

7. Define the terms "natural guardian" and "testamentary guardian". Discuss also the powers of a natural guardian of a Hindu Minor.
"કુદરતી વાલી" અને "વસિયતી વાલી" ની વ્યાખ્યા આપો. હિંદુ સગીરના કુદરતી વાલીની સત્તાઓ પણ ચર્ચો.

*Or*

**અથવા**

"Role of marriage under various personal laws is to build the family and to legitimatise offsprings." Do you agree with this statement ? Discuss.
"વિવિધ વૈયક્તિક કાયદાઓમાં લગ્નનો ફાળો કુટુંબની રચના અને બાળકોની ઔરસતા માટે છે" શું તમે આ વિધાન સાથે સંમત છો ? ચર્ચા કરો.

## Unit VIII
## (યુનિટ ૮)

8. "National Human Rights Commission (NHRC) is the tiger without teeth and nails for the purpose of enforcing human rights." Comment.
"રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ માનવ અધિકારોના અમલના સંદર્ભમાં દાંત અને નખ વગરનો વાઘ છે" ચર્ચા કરો.

*Or*

**અથવા**

In the light of the judgement of the apex court in 'Chakma' case examine the rights of a refugee.
'ચકમા' કેસમાં સર્વોચ્ચ અદાલતના ચુકાદાના આધારે 'શરણાર્થી ' ના હકકો તપાસો.

## Unit IX
## (યુનિટ ૯)

9. "A wrongful motive or malice is not always sufficient to create a liability in Tort." Discuss.

"અપકૃત્યના કાયદામાં જવાબદારી નક્કી કરવા માટે અપકૃત્ય હંમેશાં દ્વેષયુક્ત હોવું જોઈએ તે જરૂરી નથી ." ચર્ચા કરો.

*Or*

**અથવા**

"Tortious liability arises from a breach of duty, primarily fixed by the law : Such duty is towards persons generally and its breach is redressible by action for unliquidated damages." Discuss.

"અપકૃત્યજન્ય જવાબદારી કાયદાએ પ્રાથમિક રીતે નિશ્ચિત કરેલી ફરજના ભંગમાંથી ઉદ્દભવે છે અને આવી ફરજ સામાન્ય રીતે વ્યક્તિઓ પ્રત્યે હોય છે અને તેના ભંગ માટે અનિશ્ચિત નુકશાની માટેના દાવાથી ઉપચાર થઈ શકે છે." ચર્ચા કરો.

## Unit X
## (યુનિટ ૧૦)

10. Discuss briefly the rules relating to passing of property in the goods to the buyer.

માલમાંની મિલકતનું ખરીદનારમાં હસ્તાંતર થવાને લગતા નિયમો સંક્ષિપ્તમાં ચર્ચો.

*Or*

**અથવા**

Discuss fully the rights and liabilities of a minor admitted to the benefits of partnership.

ભાગીદારીના લાભો માટે દાખલ કરાયેલા સગીરના હકકો અને જવાબદારીઓ સંપૂર્ણપણે ચર્ચો.

## Part B

## (વિભાગ બ)

*Note* :— This part has only *one* question of **40** marks to be answered in about **800** words each.

**નોંધ** :— આ વિભાગમાં માત્ર **એક** જ પ્રશ્ન નો જવાબ લખવાનો છે, તેના ગુણ ૪૦ છે અને લગભગ **૮૦૦** શબ્દોમાં ઉત્તર આપશો.

11. Discuss the grounds on which the writ of certiorari and mandamus can be issued. State the difference between the writ of certiorari and prohibition.
ઉત્પ્રેષણ તેમજ પરમાદેશની રીટ કયા કરણોસર આપી શકાય – તેની ચર્ચા કરો. પ્રતિષેધ અને ઉત્પ્રેષણની રીટ વચ્ચેનો તફાવત જણાવો.

*Or*

**અથવા**

Discuss the law relating to 'Strict Liability' as propounded in Rylands *Vs.* Fletcher case and its utility in prevention and control of pollution in India. Cite cases in your answer.
રાયલેન્ડ વિ. ફલેચરના કેસમાં પ્રતિપાદિત થયેલા 'કઠોર–જવાબદારી' ના સિદ્ધાંતની ચર્ચા કરો અને ભારતમાં પ્રદૂષણને રોકવામાં તેમજ તેના નિયંત્રણમાં આ સિદ્ધાંતની ઉપયોગિતા તપાસો–તમારા ઉત્તરમાં ચૂકાદા ટાંકો.

*Or*

**અથવા**

Briefly discuss the constitution, jurisdiction and procedure of International Court of Justice. What is the remedy in case a State which is a party to the case, refuses to abide by the Court's judgement ? Explain.
આંતર.રાષ્ટ્રીય ન્યાયની અદાલતની રચના, હકૂમત અને કાર્યપદ્ધતિની ટૂંકમાં ચર્ચા કરો. જે રાજ્ય એક કેસમાં પક્ષકાર હોય અને તે કોર્ટના ચૂકાદાનો અમલ કરવાનો ઈન્કાર કરે તો તેનો શું ઉપાય છે ? – સમજાવો.